**તમાકુના સેવનથી આરોગ્ય પર પડતી ભયાનક અસરોથી લોકોને બચાવવા માટે ભારત સરકારે**

**“ સિગારેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ – ૨૦૦૩” (COTPA)**

**નામનો રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અધિનિયમ ઘડયો છે.**

## COTPA ના ભંગ બદલ થતો દંડ / સજા

| COTPA ની કલમ | સજા / દંડ (અથવા બન્ને) |
|---|---|
| **કલમ-૪ :**<br>જાહેર સ્થળે ધૂમ્રપાન કરવા અંગે પ્રતિબંધ | **(ક) વ્યક્તિગત અપરાધી :**<br>રૂ. ૨૦૦ સુધીનો દંડ<br>**(ખ) માલિક, વ્યવસ્થાપક અથવા અધિકૃત અમલદાર :**<br>જાહેર સ્થળે થયેલા અપરાધોની સંખ્યાની સમકક્ષ દંડ |
| **કલમ-૫ :**<br>તમાકુ કે તેની અન્ય બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપવા પર પ્રતિબંધ | **(ક) ૧લો ગુનો :** ૨ વર્ષની જેલની સજા / રૂ. ૧૦૦૦ નો દંડ<br>**(ખ) ૨જો ગુનો :** ૫ વર્ષની જેલની સજા / રૂ. ૫૦૦૦નો દંડ |
| **કલમ-૬ (અ) :**<br>૧૮ વર્ષથી નીચેનાને તમાકુ વેચવા કે ખરીદવા પર પ્રતિબંધ | રૂ. ૨૦૦ સુધીનો દંડ |
| **કલમ-૬ (બ) :**<br>શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના ૧૦૦ વારની ત્રિજ્યામાં આવેલા વિસ્તારમાં તમાકુ અથવા તમાકુની બનાવટોના વેચાણ પર પ્રતિબંધ | રૂ. ૨૦૦ સુધીનો દંડ |
| **કલમ-૭, ૮ અને ૯ :**<br>નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચેતવણી વિના સિગારેટ્સ અને તમાકુની અન્ય બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ | **(ક) ઉત્પાદક :**<br>**૧લો ગુનો :** ૨ વર્ષની જેલની સજા / રૂ. ૫૦૦૦ નો દંડ<br>**૨જો ગુનો :** ૫ વર્ષની જેલની સજા / રૂ. ૧૦૦૦૦ નો દંડ<br>**(ખ) વેચાણ / છુટક વેચાણ :**<br>**૧લો ગુનો :** ૧ વર્ષની જેલની સજા / રૂ. ૧૦૦૦ નો દંડ<br>**૨જો ગુનો :** ૨ વર્ષની જેલની સજા / રૂ. ૩૦૦૦ નો દંડ |

# રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ (NTCP)

# ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલ - અમરેલી

## તમાકુ વિષેના તથ્યો

- ભારતમાં તમાકુના સેવનથી દરરોજ મૃત્યુ પામતા લોકોની સંખ્યા ૨૭૦૦ થી વધારે છે અને દર મિનીટે બે જણ મોતને ભેટે છે.
- ભારતમાં કેન્સરના ૧૦૦ કેસો પૈકી ૪૦ કેસો તમાકુ સાથે સંકળાયેલા હોય છે. મોંઢાના કેન્સરના લગભગ ૯૫% જેટલા કેસો તમાકુના લીધે થાય છે.
- અમરેલી જિલ્લામાં ૧૫ થી ૬૯ ની વચ્ચેની વયનાં ૨,૧૨,૦૦૦ લોકો બીડી કે સિગારેટનું વ્યસન ધરાવે છે.
- તમાકુ સેવનનાં કારણે અમરેલી જિલ્લામાં દર વર્ષે ૧૫,૦૦૦ લોકો ગરીબીની પકડમાં આવે છે અને જિલ્લામાં દર વર્ષે તમાકુનાં કારણે ૧૪૬ કરોડ રૂપિયાનો વધારાનો આર્થિક બોજો આવે છે.

Source :- Centre For Global Health Research